Extra No. 230

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, JUNE 25, 2025 / ASHADHA 4, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૯મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૪/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Bharatiya Nagarik Suraksha Sanhita, 2023

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૮૪/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫:- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૧૭૬ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવે તે રીતે, સાત વર્ષ અથવા તેથી વધુ વર્ષ સુધી શિક્ષાપાત્ર હોય તેવો ગુનો કરવાને લગતી દરેક માહિતી મળ્યેથી, પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીએ, ગુનાના ફોરેન્સિક (ન્યાય સહાયક વિજ્ઞાન વિષયક) પુરાવા ભેગા કરવા ગુનાના સ્થળની તપાસ કરવા માટે ફોરેન્સિક (ન્યાય સહાયક વિજ્ઞાન) તજજ્ઞને બોલાવવા જોઈશે અને મોબાઈલ ફોન અથવા કોઈ અન્ય ઈલેક્ટ્રોનિક ડિવાઈસ (સાધન)માં કામગીરીની વિડિયોગ્રાફી પણ કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રધ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.10 22:17:56 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar